## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, આજે ભીખ ન આપશો પરંતુ આધારકાર્ડ અને પાનકાર્ડ લીન્ક કરી દો... તમારા છોકરા સુખી રહેશે...!!**



નાના 'ગ' રોડ ઉપર ગટરના ઢાંકણા તુટી જવાની ઘટનાઓ વધુ બને છે. રોડ પહોળા કરાતા ગટરના ઢાંકણા માર્ગની વચ્ચોવચ્ચ આવી ગયા છે. જેના કારણે વાહનો પસાર થાય ત્યારે ઢાંકણા તુટી જાય છે. આ તુટેલા ઢાંકણાઓ રીપેર ન કરાતા અંધકારમાં અકસ્માત સર્જાવાની પુરેપુરી સંભાવના છે.

# શહેરના એસ.ટી.ડેપોમાં બસમાં બેસવા જતા મુસાફરના મોબાઈલની ચોરી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. વાહનચોરી, ઘરફોડ, લુંટ સહિતના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે નગરના એસટી ડેપોમાં પણ મુસાફરોના ખીસ્સા હળવા થયાની ઘટના અને મોબાઈલ ચોરી થવાના કિસ્સા રોજ સાંભળવા મળે છે.

ત્યારે આજે એસટી ડેપો ખાતે વધુ એક મુસાફર ભોગ બન્યા છે. શહેરના એસ.ટી.ડેપોના પ્લેટફોર્મ નં.૭ પરથી બસમાં બેસવા જતા મુસાફરના ખીસ્સામાંથી મોબાઈલ ફોનની ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના એસટી ડેપોમાં ચોર શખ્સોનો આતંક વધી રહ્યો છે.ડેપોમાંથી મોબાઈલ ચોરી સામાન્ય ઘટના બની ગઈ છે. આંતરે દિવસે ડેપોમાંથી મોબાઈલ ચોરી થાય છે. તેમ છતા એસટી તંત્ર કે પોલીસ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ડેપોમાં ચોકી બનાવવાની વાત પણ વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ચોર શખ્સોને પકડી ન શકતુ તંત્ર મુસાફરોને સજાગ રહેવા માટે પોસ્ટર લગાડ્યા છે. ત્યારે ડેપોમાં પ્લેટફોર્મ નં.૭ પરથી બસમાં બેસવા માટે જતા વધુ એક મુસાફરના ખીસ્સામાંથી મોબાઈલ ગાયબ થઈ ગયો છે.

અમદાવાદ મોટેરા ઓમકાર એપાર્ટમેન્ટ શુભમ સોસાયટી ખાતે રહેતા મનોજભાઈ સદાભાઈ ચૌહાણ ગત તા.૨૬ માર્ચના રોજ વિજાપુર જવા માટે પત્ની સહિતના પરિવાજનો સાથે એસટી ડેપોમાં આવ્યા હતા. પ્લેટ ફોર્મ નં.૭ ઉપર ઉભા રહી બસની રાહ જોતા હતા.

ત્યારે અમદાવાદ થી વિજાપુર જતી બસમાં બેસવા જઈ રહ્યા હતા તે સમયે ભીડ હોવાથી ધક્કામુકી થઈ હતી. જો કે મનોજભાઈ બસમાં બેસી ગયા હતા.ત્યારબાદ તેઓએ ખીસ્સામાં હાથ નાંખતા જાણ થઈ કે રૂ.૧૩ હજારની કિંમતનો મોબાઈલ ફોન કોઈ ચોર શખ્સ ચોરી કરી ગયો છે. તેઓએ બસમાં પણ તપાસ કરી હતી અને નીચે ઉતરી આસપાસ શોધખોળ કરી હતી. પરંતુ મોબાઈલ મળી ન આવતા આખરે તેઓ વિજાપુર જવા માટે રવાના થઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## રાજકોટ શહેરની નાઈટ મેરેથોનમાં ગાંધીનગર રનર્સનો વિજયી દેખાવ



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર રનર્સ ગ્રૂપના રનર્સ રાજકોટ શહેરમાં આયોજિત નાઈટ મેરેથોનમાં ભાગ લેવા ગયાં હતાં. હાફ મેરેથોનમાં અને દસ કિલોમીટર રનમાં ગાંધીનગર રનર્સ જગત કારાણી, મિતેષ ગજ્જર, પિંકી જહા, જીગ્નેશ ભરવાડ, રજનીકાંત પરમાર, રાજશ્રી પરમાર, જીગ્નાશા હુમ્મર અને જતીન પટેલે ભાગ લઈ ફિનીશરનો મૅડલ મેળવ્યો હતો.

આ મેરેથોનમાં દસ કિલોમીટર રનમાં પિક્રી જહા અને રાજશ્રી પરમાર વિજેતા જાહેર થયા હતા અને એમને ટ્રોફી અને રોકડ રકમથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## જુના સચિવાલય બ્લોક નં.૪ પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરના જુના સચિવાલય બ્લોક નં.૪ ખાતે ફરજ બજાવતા ડ્રાઈવરનું પાર્કિંગમાંથી પાર્ક કરેલું બાઈક ચોરાયું છે. ડ્રાઈવરે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ પ્લોટ નં.૭૩૮-૨ ખાતે રહેતા વિક્રમસિંહ બળદેવસિંહ પરમાર જુના સચિવાલયમાં કોન્ટ્રાકટ બેઝ પર નોકરી કરે છે. વિક્રમસિંહે નોકરી પર આવનજાવન કરવા માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે. ૧૮. સી.સી. -૨૧૩૬ વર્ષ ૨૦૧૨ મોડલનુ હતું. ગતા તા.૨૦ માર્ચના રોજ સચિવાલય ખાતે નોકરી પર સવારે ૧૦ વાગે વિક્રમસિંહ બાઈક લઈ આવી ગયા હતા. જયારે બાઈક બ્લોક નં.૪ ના પાર્કિંગ ખાતે પાર્ક કર્યું હતું.જયારે સાંજના સાડા છ વાગે નોકરી થી છુટીને પાર્કિંગમાં પાર્ક કરેલું બાઈક લેવા જતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી શહેરમાં વિવિધ સેકટર અને સ્થળો પર તપાસ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સરગાસણ ગામમાંથી એડવોકેટનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સરગાસણ ગામના દરબારવાસમાંથી એડવોકેટનું બાઈક ચોરાયું છે. ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ બાઈક રાત્રીના અંધકારમાં કોઈ ચોર શખ્સ ચોરી કરી પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ દરબાર વાસ ખાતે રહેતા સુનિલસિંહ જીવણસિંહ ચૌહાણ પરિવાર સાથે રહીને વકીલાતનો વ્યવસાય કરે છે. સુનિલસિંહ પાસે બાઈક નં. જી.જે.૧૮.ડી.બી.-૪૭૬૨ હતું જેનો ઉપયોગ તેઓ પોતાના અંગત કામ માટે કરતા હતા. ગત તા. ૨૪ માર્ચના રોજ સુનિલસિંહ બાઈક મારા ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી રાત્રીના આશરે દસ વાગ્યાના અરસામાં પરિવારજનો સાથે જમી પરવારી સુઈ ગયા હતા.

જયારે રાત્રીના સમયે પિતાજી જાગી જતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર હતું. જયારે સુનિલસિંહ સવારે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.

જેથી વકીલે ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું.

બાઈક ચોરી અંગે જાણ થતા સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી રૂ.૨૫ હજારના બાઈક ચોરી અંગે વકીલે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સરઢવ ગામે અવાવરૂ કુવામાં પડેલા કપીરાજને હેમખેમ બહાર નીકાળ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સરઢવ ગામમાં રેવાભાઈ જનરલ હોસ્પિટલ થઈને બળીયાદેવ મંદિર તરફ જવાના માર્ગ પર ખેતરની અંદર આવેલા અવાવરૂ કુવામાં બે દિવસથી એક કપીરાજ પડી ગયા હતા. ત્યારે ગઈકાલે બપોરે ૨.૩૦ કલાકે સરઢવ ગામના નાગરીક દિપકભાઈ પટેલે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી મદદ માંગી હતી. જેથી ઈન્ચાર્જ સબ ફાયર ઓફિસર રાજેશ પટેલ અને ગૌતમ પટેલ તાત્કાલીક ફાયર ટીમના જવાનો સાથે સરઢવ ગામે કપીરાજને રેસ્ક્યુ કરવા પહોંચી ગયા હતા. ફાયર ટીમે પહોંચીને તપાસ કરતા અવાવરૂ કુવો ૮૦ ફુટ ઉંડો હતો. ત્યારે ફાયર



ટીમના જવાનોએ ૬ કલાક ભારે જહેમત કરીને કપીરાજને કુવામાંથી સહીસલામત બહાર નીકાળ્યા હતા. ત્યારે સરઢવ ગામના સૌ ગ્રામજનોએ ફાયર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.



હાલમાં ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે. ચૈત્રી નવરાત્રી નિમિત્તે સેક્ટર-૫-સી ના શ્રી કલેહર માતાજીના મંદિરે આનંદના ગરબા યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# ચંદ્રાલા પાસે લકઝરી બસમાં બે મુસાફરો દારૂ બિયર સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

લકઝરી બસમાં વિદેશી દારૂની હેરાફેરીના કિસ્સા વધી રહ્યા છે. આંતરે દિવસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી મુસાફરો પાસેથી દારૂ ઝડપાય છે. ત્યારે ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બસ જાણે માધ્યમ બની ગઈ છે. ત્યારે ચિલોડા પોલીસ મથકના ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન લકઝરી બસના બે મુસાફરો પાસેથી રૂ.૫ હજારથી વધુની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો છે. પોલીસે બે મુસાફરો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી મારવાડ ટ્રાવેલ્સની બસ નં. આર.જે.૧૮.પી.એ.-૭૩૫૩ આવતા બસને સાઈડમાં ઉભી રખાવી હતી. ત્યારબાદ બસના ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી બસમાં સવાર મુસાફરોના સામાન ચેક કરી રહ્યા હતા.તે સમયે બે મુસાફરોના સામાનમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલ અને બિયરના ટીન નંગ-૧૨ મળી આવ્યા હતા. પોલીસે નામ પુછતા એક શખ્સે બલવીરસીંગ વિક્રમસીંગ ચૌહાણ(ઉં.૨૪ રહે પાલરા, ગામ ભીમ થાના ભીમ જી.રામજમંદ) અને મુકેશસીંગ જીતેન્દ્રસીંગ ચૌહાણ (ઉં.૨૬ રહે પાલરા ગામ તા.ભીમ, જીલ્લો રાજસમંદ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. બે મુસાફરો પાસે પોલીસે દારૂ અંગે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું. ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી બે મુસાફરો પાસેથી રૂ.૫ હજારથી વધુની કિંમતનો દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડી તેઓની સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના કાઉન્સીલર શૈલેષભાઈ પટેલને આંખની પાસે મધમાખીએ ડંખ દેતાં આંખ પર રૂમાલ રાખી કાળા ગોગલ્સ પહેરી ફરી રહ્યા છે.
- ગાંધીનગર મનપાની ટીમ ૩૧મી માર્ચે ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા વડોદરા જશે.
- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળી હતી.
- પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ૯મીએ યોજાનાર પરીક્ષાની તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.
- અંબાપુર ગામે દેવી ભાગવત્ સપ્તાહ ચાલી રહી હોવાથી ગામમાં ભક્તિનો માહોલ છવાયો છે.
- તિજોરી કચેરીમાં આજે બપોરે ૩ વાગ્યા સુધી જ બિલો સ્વીકારવામાં આવનાર હોવાથી હિસાબી શાખાના કર્મીઓ સતત વ્યસ્ત બન્યા છે અને મોડી રાત સુધી કચેરીમાં કામ કરી રહ્યા છે.
- ગાંધીનગર ડેપોમાંથી આજે એક મોબાઈલ ચોરાયાની ઘટના નોંધાઈ છે.
- કલોલના નાસ્મેદ ગામે રામાપીર મંદિરે ચોરી થયાની ઘટના નોંધાઈ છે.
- ચિલોડા સ્થિત ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરાઈ.
- ગોળવંટા ગામે ખેતરમાંથી પરત ફરી રહેલ માતા-પુત્રીને અકસ્માત નડ્યાની ઘટના નોંધાઈ છે.
- ચંદ્રાલા ગામે ખાનગી બસમાંથી દારૂનો જથ્થો ઝડપાયો છે.
- શહેર-જિલ્લામાં પરીક્ષાનો માહોલ છવાયો હોવાથી શહેર પણ સૂમસામ લાગી રહ્યુ છે.
- ધો. ૧૦માં હિન્દી સંસ્કૃત વિષયની પરીક્ષામાં ૪૯૨ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા જયારે ધો. ૧૨માં સંસ્કૃત વિષયની પરીક્ષામાં ૮૫ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.
- વિધાનસભાના બજેટ સત્રનો આજે અંતિમ દિવસ છે. આજે બેઠક સવારે નવ વાગે શરૂ થશે.
- મનપા સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આજે મનપા કચેરીમાં સાંજે પ્રિતી ભોજનનું આયોજન કર્યુ છે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામે આજે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

## સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે પીસીબી ડિઝાઈનિંગ વિષય પર વર્કશોપ યોજાયો



ગાંધીનગર,તા.૨૮

સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ ,કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ,ઈલેક્ટ્રિકલ ઈજનેરી વિભાગ દ્વારા એક દિવસીએ પીસીબી ડિઝાઈનિંગ વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ઈન્ડસ્ટ્રીયલ એક્સપર્ટ તરીકે ગાંધીનગર સ્થિત નામાંકિત કંપની પીસીબી હબ ના ડાયરેક્ટર શ્રી નિલેશ પ્રજાપતિએ વિશેષ હાજરી આપી અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થી અને યુનિવર્સિટીના ઈજનેરી શાખાના પ્રધ્યાપક શ્રીઓ જોડાયા હતા .વર્કશોપ માં વિવિધ એડવાન્સ ટેકનોલોજી સંલગ્ન વિષય જેવા કે કન્વર્ટર ,પીસીબી ડિઝાઈનિંગ ,રેક્ટિફાયર ટેકનોલોજી ,ઓર્કેડ સોફ્ટવેર વિશે વિસ્તૃત માહિતી અને તાલીમ આપવામાં આવી હતી. વધુમાં આ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં સ્વામિનારાયણ યુનિવર્સિટી ,ઈજનેરી વિભાગના ડિન ડો. વિજયકુમાર ગઢવી અને ડો. ગીતાંજલિ અમરાવત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ પ્રકારના વર્કશોપ થકી ઈજનેરીના વિદ્યાર્થીઓને ખૂબ લાભ થશે .તેમ જ રોજગારીની વિપુલ તકો મળી શકશે નજીકના સમયમાં આ બાબતે સ્વામિનારાયણ યુનિવર્સિટી દ્વારા એડવાન્સ ઈલેક્ટ્રિકલ ટેકનોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ તૈયાર કરવામાં આવશે .જે થકી આપણે ઉદ્યોગો માટે સારા ઈજનેરોને તૈયાર કરી શકીશું અંતે વર્કશોપના પૂર્ણાહુતિ સમારંભમાં સ્વામિનારાયણ યુનિવર્સિટી ના માનનીય સંતો દ્વારા સર્વે અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવી અને સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.

## નિફ્ટ ગાંધીનગર ખાતે ત્રિદિવસીય કારીગર જાગૃતિ વર્કશોપ-૨૦૨૩



ગાંધીનગર, તા.૨૮

નિફ્ટ-ગાંધીનગર દ્વારા તા. ૨૭થી ૨૯ માર્ચ ૨૦૨૩ દરમિયાન ૧૦ અલગ-અલગ હસ્તકલાના કારીગરોને સામેલ કરતી "કારીગર જાગૃતિ વર્કશોપ-૨૦૨૩"નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનો ગઈકાલે પ્રારંભ થયો હતો અને આવતી કાલે સમાપન થશે. વર્કશોપનો ઉદ્દેશ્ય કારીગરોની વર્તમાન ડિઝાઈન વલણો, બજારના ફેરફારો અને વ્યવસાયના વિકાસ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વિશે જાગૃતિ વધારવાનો હતો. હેન્ડીક્રાફ્ટના કારીગરો પણ ત્રણેય દિવસ માટે ડિસ્પ્લે-કમ-સેલ એક્ઝિબિશન રજુ કરાયું છે. આ પ્રદર્શનમાં આવરી લેવામાં આવેલી હસ્તકલાઓમાં એગેટ્સ ઓફ કેમ્બે (ખંભાત), એલ્યુમિનિયમ એમ્બોસ્ડ મેટલ ક્રાફ્ટ (અમદાવાદ), બીડવર્ક (ભુજ, કચ્છ), બેલ મેટલ ક્રાફ્ટ (ભુજ, કચ્છ), બ્રાસ મેટલ વેર (મહેસાણા), કોકોનટ ફાઈબર ક્રાફ્ટ (અંબાજી), મેટલ વેર (ગાંધીનગર), પેપર ક્રાફ્ટ વિથ પેઈન્ટીંગ (વડોદરા), ટ્રેડિશનલ નાઈફ ક્રાફ્ટ (ભુજ, કચ્છ), લાકડાના રમકડાં (ઈડર)નો સમાવેશ થાય છે. કારીગર જાગૃતિ વર્કશોપનું ઉદ્‌ઘાટન નિફ્ટ ગાંધીનગરના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદ, સંયુક્ત નિયામક પ્રણવ વોરા, ક્રુતિ ધોળકિયા, સુનિલ કુમાર અને ફેશન અને લાઈફસ્ટાઈલ ડિઝાઈન વિભાગના સંયોજક અભિષેક શર્મા સહિત અન્ય સ્ટાફ અને શૈક્ષણિક સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. અંબાજીના નાળિયેર ફાઈબર ક્રાફ્ટના કલાકારે દાવો કર્યો હતો કે ૨ હજારથી વધુ કારીગરોએ તાલીમ લીધી છે અને હાલમાં ૨૦૦ જેટલા કારીગરો આ હસ્તકલામાં કાર્યરત છે.

## સે.૨૪માં રંગમંચ ખાતે ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતેની પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ તા.૩૧મી માર્ચથી શુક્રવારથી રવિવાર દરમ્યાન દરરોજ સવારે પાંચથી સાત વાગ્યા દરમ્યાન શહેરના સેકટર-૨૪માં રંગમંચ ખાતે ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

શિબિરના આયોજનની જવાબદારી અત્રે નિયમિત યોગ વર્ગો ચલાવતાં યોગ શિક્ષક મનોજભાઈ મેન્શન ઉઠાવાઈ છે જ્યારે શિબિરનું સંચાલન યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરી દ્વારા કરવામાં આવશે. આ યોગ શિબિરમાં ભાગ લઈને આ શિબિરનો મહત્તમ લાભ લેવા માટે શહેરના યોગાર્થીઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

**જાહેરાત**

સિગ્મા ક્રોપ સાયન્સ ના નીચે મુજબના ઉલ્લેખ કરેલ પાણીમાં સંપૂર્ણપણે વિદ્રાવ્ય મિશ્ર ખાતરના (100% Water Soluble Mixture Of Fertilizer) આયાત કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ. NPK 16-16-12 TE, NPK 20-10-10 (MgO), NPK 10-26-26 TE, NPK 15-15- 10, NPK 18-00-85, NPK 05-00-46, NPK 00-40-20, NPK 10-05-20, NPK 00-50-20, NPK 19-19-19, NPK 10-20-40, NPK 00-42-47 TE, NPK 18-05-26, NPK 13-40-13, NPK21-21-21, NPK 24-24-0 TE, NPK 21-21-21, NPK00-52-58, NPK 05-00-46.5, NPK 0-40-40 TE, NPK 05-00-50, NPK 00-55-55, NPK 27-27-0, NPK 12-65-0, NPK 00-60-40, NPK 10-30-30, 0-42-47 FE 2.5%, NPK 06-00-28, NPK 15-0-50, NPK 20-50-0, NPK 23-0-23, NPK 18-46-0, 18-17-18 TE, 28-11-14 TE ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા The Fertilizer (Control) order 1955 મુજબ Notification No. S.O.4120 (E) Dt. 30/12/2017 મુજબ રહેશે.

**સિગ્મા ક્રોપ સાયન્સ**

૪૧૮, ક્રિશ આર્કેડ, સોહમ સાનિધ્યની બાજુમાં, અદાણી સર્કલ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૪૯.(ગુજરાત). મો. ૯૦૯૯૧૦૬૭૮, ૮૧૪૦૦૨૦૩૬૫